૨૦૩ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

શુક્રવાર, ૨૧ માર્ચ ૨૦૨૫ (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪

■ Volume 68 ■ Issue 67 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ફાલ્ગુન વદ - ૭ ■ મુંબઈ

■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 March 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26






## 30 નક્સલવાદી ઠારઃ એક પોલીસ શહીદ




### છત્તીસગઢનાં બસ્તરમાં બે અથડામણ

બીજાપુર/કાંકેરઃ સુરક્ષા દળોએ છત્તીસગઢના બસ્તર ક્ષેત્રમાં ગુરુવારે બે અલગ અલગ અથડામણમાં પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદીઓ)ના ઓછામાં ઓછા ૩૦ નક્સલવાદીને ઠાર માર્યા હતા અને એક પોલીસ શહીદ થયો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. રાજ્ય પોલીસના બીએસએફ અને જિલ્લા રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) કર્મચારીઓની સંયુક્ત ટીમ દ્વારા બીજાપુર જિલ્લામાં ૨૬ નક્સલવાદી અને કાંકેરમાં ચાર માઓવાદીને ઠાર

(જુઓ પાનું ૨) ▸▸

## યુદ્ધવિરામની વાતો વચ્ચે યુક્રેનનો રશિયા પર ભયાનક હુમલો

મોસ્કોઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની મધ્યસ્થી હેઠળ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કી વચ્ચે યુદ્ધવિરામની વાતચીત ચાલી રહી છે, ત્યારે બીજી તરફ યુક્રેને રશિયા પર ભયાનક હુમલો કરી ખળભળાટ મચાવી દીધો છે. યુક્રેને ડ્રોનથી હુમલો કરતા રશિયન એરબેઝ આગની ઝપેટમાં આવી રાખ થઈ ગયું છે.

મળતા અહેવાલો મુજબ યુક્રેને આજે (૨૦ માર્ચ) રશિયાના એન્ગેલ્સ સ્ટ્રેટેજિક બોમ્બર બેઝ પર હુમલો કરતા વિસ્ફોટ થયો છે. ધડાકાના કારણે ધુમાડાના ગોટેગોટા અને ભયાનક આગ જોવા મળી છે. યુક્રેને યુદ્ધના મોરચાથી લગભગ ૭૦૦ કિલોમીટર દૂર આ હુમલો કર્યો છે. રશિયન સરકારી અધિકારીઓને ટાંકીને મીડિયા રિપોર્ટમાં યુક્રેને કરેલા હુમલાના વીડિયોની પુષ્ટી કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ઈલોન મસ્કની કંપની એક્સ એ ભારત સરકાર સામે કોર્ટ કેસ દાખલ કર્યો

બેંગલૂરુઃ હાલ ભારતમાં ઈલોન મસ્કની માલિકીનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ તેના ચેટબોટ ગ્રોકને કારણે ગ્રોક ચર્ચામાં છે. ગ્રોકે કેટલાક યુઝર્સને હિન્દીમાં આપેલા જવાબમાં અપશબ્દોનો ઉપયોગ કરતા વિવાદ સર્જાયો છે. આ મામલે આઇટી મીનીસ્ટ્રીએ કંપનીનો સંપર્ક કર્યો હતો, સરકાર એક્સ સામે કાર્યવાહી કરે તેવી શક્યતા છે, એ પહેલા એક્સ એ કર્ણાટક હાઈ કોર્ટમાં ભારત સરકાર વિરુદ્ધ દાવો દાખલ કર્યો છે, જેમાં સરકાર પર ગેરકાયદે રીતે કન્ટેન્ટ પર નિયંત્રણ રાખવા અને અને મનસ્વી રીતે સેન્સરશીપ લાગુ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

કર્ણાટક હાઈ કોર્ટમાં દાખલ કરવામાં આવેલા દાવામાં એક્સ એ કેન્દ્ર દ્વારા ઇન્ફર્મેશન ટેકનોલોજી એક્ટના અર્થઘટન પર ચિંતા

(જુઓ પાનું ૨) ▸▸







